**ચાણસ્માના મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં,**

**મું.ચાણસ્મા– પાટણ.**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | ૧૦૭૪/૨૦૨૫ |
| આંક | |
| ગુનો | ગુજરાત નશાબંધી અધિનિયમ કલમ-૬૫ (એએ) મુજબ. |
| ફરીયાદ | શ્રી સરકાર (ચા.પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૧૭૦૦૬૨૫૦૬૧૯ /૨૦૨૫ |
| ફરીયાદી તરફે વિ.એ.પી.પી.શ્રી | એ.જે.ગોસ્વામી. |
| આરોપી | અરવિંદજી ધીરાજી ઠાકોર, ઉ.વ.-૩૦,<br>રહે- ઝીલીયા,<br>તા-ચાણસ્મા, જી- પાટણ. |
| આરોપી તરફે વિ.વ.શ્રી. | આર.આર.ઠાકોર/વી.ડી.ઠાકોર |

**<u>ફરીયાદ પક્ષ/ બચાવપક્ષ/ અદાલતના સાહેદોની યાદી :-</u>**

<u>અ. ફરીયાદપક્ષના સાહદો :-</u>

| સાહેદ નંબર | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૦૭ | ચેતનજી બળવંતજી ઠાકોર | પંચ સાહેદ |
| ૨ | ૧૦ | ઉમંગકુમાર હરગોવનભાઈ પટેલ | ફરીયાદી |
| ૩ | ૧૨ | કમલેશજી પ્રતાપજી ઠાકોર | પંચ સાહેદ |
| ૪ | ૧૭ | નરેશભાઈ હરગોવનભાઈ | ત.ક.અ.શ્રી |

**ફરીયાદ પક્ષ/ બચાવપક્ષ/ અદાલતના પુરાવાની યાદી :-**

અ. ફરીયાદપક્ષના પુરાવા :-

| ક્રમ નંબર | આંક નંબર | વિગતો |
|---|---|---|
| ૧ | ૦૮ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું |
| ૨ | ૧૧ | ફરીયાદ |
| ૩ | ૧૮ | ડેપ્યુટી હુકમ |
| ૪ | ૧૯ | રવાનગી પત્રક |
| ૫ | ૨૦ | સેક્શન-૬૩(૪)(સી) મુજબનું સર્ટીફીકેટ |

**:-- ચુકાદો :--**

**ફરિયાદ હકીકતનું ટૂંકમાં વર્ણન:-**

**(૧)..** ફરીયાદ પક્ષની કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ તા.૦૫/૦૬/૨૦૨૫ ના કલાક ૧૨/૫૦ વાગ્યે મોજે ઝીલીયા ગામે પોતાના કબજા ભોગવટાના રહેણાક ઘરની આગળના ભાગે આવેલ ખુલ્લી ઓસરીમાં ગે.કા. વગર પાસ પરમીટનો દેશીદારૂ પ્લાસ્ટીકની કોથળીઓ નંગ-૦૨ માં દેશીદારૂ

લી.૦૧ કિ.રૂ.૨૦૦/- નો રાખી રેડ દરમિયાન હાજર મળી આવી પકડાઈ જઈ ગુન્હો કર્યા બાબતે તેઓની વિરુધ્ધ કાયદેસર થવા ફરીયાદીએ ફરીયાદ હકીકત ચાણસ્મા પોલીસ સ્ટેશનમાં પ્રોહી. પાર્ટ-સી ગુના રજી.નં.-૧૧૨૧૭૦૦૬૨૫૦૬૧૯/૨૦૨૫ થી ગુનો નોંધાયેલ જેની કલમ-૬૫ (એએ) મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ.

**<u>બી.એન.એસ.એસ.ની કલમ-૨૬૩ અન્વયે તહોમતનામા અંગે:-</u>**

**(૨)..** આ કામે આરોપી વિરુધ્ધ ચાર્જશીટ દાખલ થતાં આરોપીને સમન્સ કરતાં તેઓ હાજર થયેલ હોઈ, કેસના કાગળોની નકલો બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦ મુજબ વિના મુલ્યે આરોપીને આપવામાં આવેલ અને ત્યારબાદ આંક-૦૪ થી આરોપી સામે તહોમતનામું ફરમાવી આંક-૦૫ થી તેઓને જવાબ લેતાં તેઓએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરતાં કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

**<u>પક્ષકારો તરફે રજૂ પુરાવા:-</u>**

**(૩)..** ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા બી.એન.એસ.એસ.ની કલમ-૨૬૫ અન્વયે ઉપરોકત મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

**<u>બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદન:-</u>**

**(૪)..** ફરિયાદપક્ષે ઉપરોકત પુરાવા રજૂ કર્યા બાદ વિદ્વાન એ.પી.પી.શ્રીએ તેઓનો પુરાવો પૂર્ણ કર્યાની મૌખિક જાહેરાત કરતાં આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. સદર કામે આરોપીનું વિશેષ નિવેદન નોંધવાનું થયેલ ત્યારે **"સ્ટેટ ઓફ પંજાબ વિ. હરિસિંહ અને બીજા" એ.આઈ.આર. ૨૦૦૯, સુપ્રીમ કોર્ટ ૧૯૬૬** માં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત ધ્યાને લેતાં આરોપીનું વિશેષ નિવેદન કોર્ટ રૂબરૂ નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ તેમની સામેના આક્ષેપોનો ઇન્કાર કરેલ છે અને તેઓ સામે હાલનો ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે, જયારે સોગંદ ઉપર જુબાની આપવા તથા બચાવના સાહેદો તપાસવા પણ ઈન્કાર કરેલ છે. આમ, બચાવપક્ષે તેઓના બચાવમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ નથી.

**<u>બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૨ મુજબ પક્ષકારો તરફે દલીલો:-</u>**

**(૫)..** આ કામે ફરિયાદ પક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી એ મૌખિક દલીલો કરતાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓએ પોતાના આર્થિક ફાયદા સારૂં ગેરકાયદેસર વગર પાસ પરમીટનો દેશી દારૂ રાખેલ હોઈ સમાજમાં ઉદાહરણ રૂપ દાખલો બેસે તેવી મહત્તમ સજા કરવા દલીલો કરેલ છે. જયારે આ કામે બચાવપક્ષે તેમના વિદ્વાન વકીલશ્રીએ જણાવેલ છે કે, આ કામે મુદ્દામાલ જપ્ત કર્યા અંગેનું પંચનામું કરેલ તે પંચોએ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી. જે સંજોગોમાં આરોપી સામે નિઃશંકપણે કેસ સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોઈ, આરોપીને નિર્દોષ જાહેર કરવા મૌખિક દલીલો કરેલ છે.

**બી.એન.એસ.એસ.ની કલમ-૩૯૩(૧)(બી) મુજબ પોઈન્ટ ફોર ડીટરમીનેશન:-**

**(૬)..** આ કામે પક્ષકારો તરફે ઉપરોકત રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તથા સરકાર પક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રીની રજૂઆત તથા આરોપીના આરોપીના વિદ્વાન વકીલશ્રીની દલીલો લક્ષમાં લેતાં, આ કેસના આખરી નિર્ણય માટે બી.એન.એસ.એસ.ની કલમ-૩૯૩(૧)(બી) મુજબ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**// મુદ્દા //**

(૧) શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પુરવાર કરે છે કે, આરોપીએ તા.૦૫/૦૬/૨૦૨૫ ના કલાક ૧૨/૫૦ વાગ્યે મોજે ઝીલીયા ગામે પોતાના કબજા ભોગવટાના રહેણાક ઘરની આગળના ભાગે આવેલ ખુલ્લી ઓસરીમાં ગે.કા. વગર પાસ પરમીટનો દેશીદારૂ પ્લાસ્ટીકની કોથળીઓ નંગ-૦૨ માં દેશીદારૂ લી.૦૧ કિ.રૂ.૨૦૦/- નો રાખી રેડ દરમિયાન હાજર મળી આવી પકડાઈ જઈ, ધી પ્રોહીબીશન એકટની કલમ-૬૫ (એએ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૭)..** ઉપરોકત મુદ્દાઓ અંગેના ન્યાયિક નિર્ણયો માટેના કારણો નીચે મુજબના છે.

(૧) મુદ્દા નં..૧ નકારમાં.

(૨) મુદ્દા નં. ૨ આખરી હુકમ મુજબ.

## **// કા ર ણો //**

**મુદ્દા નં. ૧ અંગે :-**

**(૮)..** આ કામે ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં આંક-૦૭ થી પંચ સાહેદ ચેતનજી બળવંતજી ઠાકોર તથા કમલેશજી પ્રતાપજી ઠાકોર નાઓને આંક-૧૨ થી સોગંદ ઉપર તપાસેલા છે. સદરહું પંચ સાહેદો પોતાના જ આંક-૦૮ થી રજૂ મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાથી તદ્દન વિરોધાભાસી સોગંદ ઉપર જુબાની આપતા હોઈ, ફરિયાદ પક્ષે પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરેલા છે અને ઉલટ તપાસ લીધેલી છે. પરંતુ ઉલટ તપાસથી ફરિયાદ પક્ષ કોઈ ફળદાયી હકીકત મેળવી શક્યા નથી કેમ કે ઉલટ તપાસમાં પણ પંચ સાહેદો પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જે સંજોગોમાં પંચનામું સાબિત થયાનું માની શકાય નહી અને પંચ સાહેદોના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી અને પંચ સાહેદોના પુરાવા પરથી આ કામના આરોપીના કબજા ભોગવટામાંથી બનાવના દિવસે સમયે અને સ્થળે ગેરકાયદેસરનો દારૂ મળી આવેલાનું સાબિત થઈ શકતુ નથી. આમ, ફરિયાદ પક્ષે મહત્વના મુદ્દામાલ કબજે કર્યાના પંચ સાહેદો જ ફરી ગયેલા જાહેર કરેલા હોઈ, ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ નથી. તે જોતાં ખરેખર આ પંચનામાની હકીકત મુજબ આરોપીની પાસેથી આ મુદ્દામાલ કબજે થયેલ હતો તે હકીકત શંકાસ્પદ બને છે અને આ કામે ઉપરોકત હકીકત ધ્યાને લેતાં આ મુદ્દામાલ આરોપીના કબજામાં હતો કે કેમ? તે હકીકત ફરિયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે.

**(૯)..** આ કામે ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં આંક-૧૦ થી ફરિયાદી ઉમંગકુમાર હરગોવનભાઈ પટેલ નાઓને તથા આંક-૧૭ થી ત.ક.અ.શ્રી નરેશભાઈ હરગોવનભાઈ નાઓને સોગંદ પર તપાસેલા છે જેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી જુબાની આપેલ છે, પણ તેઓ પોલીસ સાહેદો છે જેઓનો સમાવેશ હીત ધરાવતા સાહેદોમાં થાય છે જેથી ફકત તેમની જુબાની નો આધાર રાખી આરોપીને ગુનેગાર ઠરાવી શકાય નહીં. તેમજ સદર કામે આંક-૧૧ થી ફરીયાદ, આંક-૧૮ થી ડેપ્યુટ હુકમ, આંક-૧૯ થી રવાનગી પત્રક, આંક-૨૦ થી સેકશન-૬૩(૪)(સી) મુજબનું સર્ટીફીકેટ રજૂ કરેલ છે. આ સાહેદોના પુરાવો ધ્યાને લેતાં ફરીયાદ આપતા અગાઉ પંચનામું કરવામાં આવેલ હોય તેમ છતાં ફરીયાદમાં પંચોના નામ દર્શાવેલ નથી જેથી આંક-૦૮ વાળુ મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું

શંકાસ્પદ જણાઈ આવે છે. તેથી હાલના આરોપીના કબજામાંથી પ્રોહી. અંગેનો મુદ્દામાલ કબજે કરેલ હોવાનુ માની શકાય નહી. વધુમાં આ કામે ફરિયાદ પક્ષના સ્વતંત્ર કહી શકાય તેવા પંચ સાહેદો ફરિયાદ પક્ષને મદદરૂપ થતો પુરાવો રજૂ રાખેલ નથી. આમ, સોગંદ ઉપર તપાસવામાં આવેલ ફરિયાદી, સાહેદ તથા ત. ક. અમલદારની સમગ્ર જુબાની વંચાણે લેતાં તેઓએ ફરિયાદ પક્ષને સમર્થન આપતી જુબાની આપી છે, પરંતુ તેઓ પોલીસ સાહેદો હોવા અને સ્વતંત્ર સાહેદોના અભાવે તેમની જુબાનીને એકમાત્ર આધાર બનાવી આરોપીને દોષિત ઠરાવવું સુરક્ષિત ગણાઈ શકે નહીં. વધુમાં, પંચનામાની હકીકત મુજબ આરોપી પાસેથી આ મુદ્દામાલ કબજે થયેલ હતો તે હકીકત શંકાસ્પદ બને છે. આ કામે ઉપરોકત હકીકત ધ્યાને લેતાં આ મુદ્દામાલ આરોપીના કબજામાં હતો કે કેમ? તે હકીકત ફરિયાદ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. વધુમાં કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી જે હકીકત પણ શંકાસ્પદ બને છે. જે સંજોગોમાં આ કામના આરોપીના કબજા ભોગવટામાંથી બનાવના દિવસે અને સ્થળે ગેરકાયદેસરનો દેશી દારૂ મળી આવેલાનુ સાબિત થઈ શકતુ નથી.

**(૧૦)..** વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટના સતિષ વિરુદ્ધ દિલ્લી એડમીનીસ્ટ્રેશન ૧૯૯૬(૩) ક્રાઈમ્સ ૮૫(એસ.સી.) ના ચુકાદામાં અવલોકન કરેલ છે કે,

"When judge is certain that there is no prospect of case ending in conviction valuable time of court should not be wasted for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date."

ઉપરોકત નામદાર સુપ્રિમકોર્ટનું અવલોકન ધ્યાને લેતાં હાલના કેસને લાગુ કરવું ઉચિત જણાય છે. તેથી વધુ કોઈ વિશેષ પુરાવો લેવાથી ફરિયાદપક્ષના કેસને કોઈ મદદ મળી શકે તેમ જણાતું નથી.

**(૧૧)..** આમ, ઉપરોકત હકીકત ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આ કામના આરોપી સામે તેમનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી આરોપીએ સદર ગુનો કરેલ હોવાનું પુરવાર થતું ન હોઈ, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-// આ ખ રી હુ ક મ // -**

★ આ કામના આરોપી **અરવિંદજી ધીરાજી ઠાકોર, ઉ.વ.-૩૦, રહે- ઝીલીયા, તા-ચાણસ્મા, જી-પાટણ** નાઓને બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૧(૧) હેઠળ ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ-૬૫(એએ) મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

★ આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યેથી નિયમોનુસારની કાર્યવાહી કરી નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

★ આજરોજ મજકૂર ઠરાવ સામે અપીલ કોર્ટમાં અપીલ થવાના પ્રસંગે બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૧(૧) મુજબ આરોપી એ રૂ.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર) ના જામીન તેમજ તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ **૧૬** મી, માહે–**માર્ચ** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ- ૧૬/૦૩/૨૦૨૬

સ્થળ - ચાણસ્મા,

**ઉમરખાન ગુલહમીદખાન પઠાણ**

જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,

ચાણસ્મા.

**CODE No. GJ 01574.**

TS